# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-10-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1. રાજ્યના 8 શહેરો તથા ભરૂચ-અંકલેશ્વર, શહેરી વિકાસ સત્તામંડળના નોન ટીપી વિસ્તારના જમીનધારકોને પ્રિમીયમમાં રાહત આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.
3. ગુજરાત એ.ટી.એસ.એ ભારતીય કોસ્ટગાર્ડની માહિતી લીક કરનાર પોરબંદરના યુવકની ધરપકડ કરી
4. આજે યોજાયેલી લોક અદાલતમાં ચેક બાઉન્સના 6 હજાર 770 અને દાંપત્ય જીવનને લગતાં 1 હજાર 96 કેસનું સમાધાન
5. આવતીકાલથી કેશોદથી દીવની નવી ફ્લાઇટ શરૂ થશે – પ્રવાસીઓને થશે ફાયદો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM – MEHSUL MUKTI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં 8 શહેરો તથા ભરૂચ-અંકલેશ્વર, શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારોમાં સમાવિષ્ટ નોન ટીપી વિસ્તારના જમીન ધારકોને હાલ ભરવા પડતા પ્રિમીયમમાં રાહત આપતો નિર્ણય કર્યો છે.

આ નિર્ણયથી હવે નોન ટીપી વિસ્તારના જમીનધારકોને કપાતમાં જતી જમીન પર જે પ્રીમીયમ ભરવું પડતું હતું તેમાંથી મુક્તિ મળશે, અને માત્ર તેમની પાસે રહેનારા 40 ટકા કપાતના ધોરણો પછીના સુચિત પ્લોટના અંતિમ ખંડના ક્ષેત્રફળ જેટલા જ વિસ્તારનું પ્રીમીયમ ભરવાનું રહેશે.

હવે નોન ટીપી વિસ્તારમાં 40 ટકા કપાતની જમીનના ભરવાના થતા મહેસૂલી પ્રીમીયમની રકમમાંથી મુક્તિ મળતા હવે બાંધકામક્ષેત્રે પ્રોપર્ટીની કિંમતમાં ઘટાડો થશે, જેનો સીધો લાભ મધ્યમ વર્ગીય પરિવારોને મળશે.

---------

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 115મી કડી છે.

આવતીકાલે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર

પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

.................

## ATS

ગુજરાત એ.ટી.એસ.એ ભારતીય કોસ્ટગાર્ડની માહિતી લીક કરનાર પોરબંદરના યુવકની ધરપકડ કરી છે. પોરબંદર જેટી ઉપર મજૂરી કામ કરતાં યુવકે, પોરબંદરના કોસ્ટગાર્ડ જેટી તથા જેટી ઉપરના ભારતીય કોસ્ટગાર્ડની બોટો અંગેની સંવેદનશીલ માહિતી સોશિયલ મીડીયાના માધ્યમથી પાકિસ્તાન આઇ.એસ.આઇ. એજન્ટને આપી હોવાની અને બદલામાં આર્થિક લાભ પણ લીધો હોવાની પ્રાથમિક માહિતી એટીએસને મળી હતી.

રાજ્યના એ.ટી.એસ. વિભાગની તપાસમાં યુવકના વોટ્સએપ ચેટથી સમગ્ર બાબત પાકિસ્તાનથી ઓપરેટ થઇ રહ્યું હોવાનું જાણવા મળ્યું છે. એટીએસ એ યુવકની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

-----------------------------------

## Special lok Adalat

આજે યોજાયેલી ખાસ લોક અદાલતમાં  ચેક બાઉન્સના 6 હજાર 770 અને દાંપત્ય જીવનના 1 હજાર 96 કેસનું  સમાધાન કરવામાં આવ્યું હતું.

રાજ્યભરમાં 05 વર્ષ કરતા જૂની ચેક પરતને લગતી ફરિયાદો તેમજ છૂટાછેડા સિવાયની દાંપત્ય જીવનને લગતી તકરારો સંદર્ભના જૂના કેસોના સમાધાન માટે ખાસ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં આશરે 50 હજાર કરતાં વધુ કેસો સમાધાન માટે મૂકવામાં આવેલ. જે પૈકી ચેક બાઉન્સની કુલ 6હજાર 770 ફરિયાદ અને દાંપત્ય જીવનના  1હજાર 96 કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવેલ છે. લોક અદાલતમાં કુલ રૂપિયા 161 કરોડથી વધુની રકમના એવોર્ડનું ચુકવણું થયેલ છે.

છેલ્લા એક વર્ષમાં અદાલતમાં પેન્ડિંગ 10 લાખ કરતાં વધુ કેસોનો લોક અદાલતથી નિવેડો આવેલ છે.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

.....................................

## RAJKOT HOTEL DHAMKI

દિવાળીના તહેવાર સમયે રાજકોટની જાણીતી હોટલોને બોમ્બ થી ઉડાવી દેવાની આજરોજ ઈમેલથી ધમકી મળતા પોલીસ સહિતની સુરક્ષા દળોની ટીમે સતર્કતા વધારી દીધી છે.

ઈમેલ મારફત આ ધમકી મળતા રાજકોટ પોલીસ દ્વારા હોટલો માં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે અને સલામતી વ્યવસ્થા સુદ્રઢ કરવામાં આવી છે. હજુ સુધી કોઈ દુર્ઘટનાના સમાચાર પ્રાપ્ત થયા નથી પરંતુ રાજકોટ પોલીસ તેમજ સલામતી દળના જવાનો દ્વારા આ મામલાને ગંભીરતાથી લઈને કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

આ ધમકી અંગેની તપાસ કરી રહેલા રાજકોટના પોલીસ ઇન્સપેક્ટર પંજાએ આ મુજબ માહિતી આપી હતી.

### (બાઇટ – પીઆઇ પંજા)

ઇમેલ પર ધમકી મળ્યા બાદ પોલીસે હોટલોની તપાસ શરૂ કરી હતી. અત્યાર સુધીની તપાસમાં પોલીસને કોઇ શંકાસ્પદ વસ્તુ હાથ લાગી નથી.

-------

## DIU FLIGHT

એરલાઈન્સ દ્વારા આવતીકાલથી કેશોદ દીવ નવી ફ્લાઇટ શરૂ થશે..

આવતીકાલથી કેન્દ્રશાસિત પ્રદેશ દીવના પર્યટકોને દિવાળી ની ભેટ મળશે, જેને લઈને દીવ ના પર્યટન ક્ષેત્રે પણ વેગ મળશે, દીવ એરપોર્ટ પરથી હાલ

એરલાઇન્સ ની મુંબઈ દીવ ફ્લાઇટ કાર્યરત છે હવે કેશોદ દીવની ફ્લાઇટ શરૂ થતાં લોકોનો મુસાફરી નો સમય બચશે, 28 તારીખ શરૂ થનાર ફ્લાઈટ મંગળવાર, ગુરૂવાર અને શનિવાર ના રોજ કેશોદથી આવશે. તેમ દિવ એરપોર્ટના ડાયરેક્ટર અજયચંદ્ર શ્રીવાસ્તવે જણાવ્યું હતું.

(બાઇટ- અજયચંદ્ર શ્રીવાસ્તવે, ડાયરેક્ટર, દીવ એરપોર્ટ)

.................

## AMC FOOD CHEKING

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા તહેવારોની સિઝનમાં ખાણીપીણીનો વેપાર કરતાં એકમ ઉપર તપાસની ઝુંબેશ ચલાવવામાં આવી હતી.. 20થી 26 ઓક્ટોબર દરમિયાન સપ્તાહ દરમિયાન કરાયેલી તપાસ અંતર્ગત શંકાસ્પદ મિછાઇ, ફરસાણ, દૂધની બનાવટો સહિત 93 જેટલા નમૂના એકત્રિત કરીને તેને પૃથ્થકરણ માટે મોકલી આપવામાં આવ્યા હતા.. તહેવારોની સિઝનમાં એક સપ્તાહની ઝુંબેશ દરમિયાન 522 એકમોની તપાસ કરીને 205ને નોટિસ ફટકારવામાં આવી હતી જ્યારે 538 કિલો ગ્રામ બિન આરોગ્યપ્રદ ખોરાક અને 334 કિલોગ્રામ પીણાનો નાસ કરાયો હતો..

મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા એક લાખ 40 હજાર કરતાં વધુનો વહિવટી ચાર્જ વસૂલ કરાયો હતો જ્યારે 680 ને નોટીસ ઇસ્યુ કરીને છ લાખ 40 હજાર જેટલો ચાર્જ વસૂલ કરાયો હતો.

આ ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા ફૂડ ચેકિંગની કામગીરી દરમિયાન તપાસ કર્મીઓને અત્યાધુનિક બોડી વોર્ન કેમેરા પણ અપાયા છે. જે હાલમાં પ્રાયોગિક ધોરણે તેનો અમલ થઇ રહ્યો છે.

.................

## Weather

રાજ્યમાં આગામી દિવસોમાં  વાતાવરણ સુકુ રહેશે. હવામાન વિભાગ દ્વારા આગામી સમય માટે વરસાદની આગાહી કરવામાં આવી નથી. અમદાવાદ અને ગાંધીનગરમાં તાપમાન દિવસે 37 ડિગ્રીની આસપાસ રેહવાની સંભાવના છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે વધુમાં આ મુજબ જણાવ્યું હતું.

(બાઇટ : અભિમન્યુ ચૌહાણ)

.................

## NEWS IN BRIEF

### અને હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

1. મહેસાણાના ખેરવા ખાતે ગણપત યુનિવર્સિટીમાં ઉદ્યોગમંત્રી બળવતસિંહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને વિકસિત મહેસાણા કોન્કલેવ યોજાયો.

2. રાજ્યસભા સાંસદ જશવંતસિંહ પરમારની ઉપસ્થિતિમાં ગોધરા ખાતે સ્વચ્છ ભારત સ્વસ્થ ભારતની થીમ સાથે “ફીટ ઇન્ડિયા સ્વચ્છતા ફ્રીડમ રન” યોજાઇ.
3. ભરૂચ જિલ્લાના વેણુગામે નશીલા પદાર્થનું વાવેતર કરાતા એસ.ઓ.જી. દ્વારા રૂપિયા 23 હજાર ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીની ધરપકડ કરવામાં આવી.
4. ભાવનગર જિલ્લાના શિશુવિહાર સંસ્થામાં આયોજીત નેત્રયજ્ઞ દ્વારા જરૂરિયાતમંદ 41 દર્દીઓને વિનામૂલ્યે નેત્ર સારવાર મળી.
5. ભાવનગરની સેવાભાવી સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ 100થી વધુ લાભાર્થીઓને રાશનકીટ અને મીઠાઇ સહિતની સામગ્રી વિતરીત કરાઇ.
6. તાપી જિલ્લાના વ્યારાના ઝાંખરી ગામે કૂવામાં પડેલા દીપડાના બે બચ્ચાને વનવિભાગની ટીમે  બચાવી લીધા હતા.
7. ભાવનગરના કાકીડી ગામે મોરારિબાપુએ રામકથામાં શિવાલય પાસે 111 વૃક્ષોનું રોપણ કરીને પર્યાવરણની જાળવણી કરવાનો સૌને સુંદર સંદેશો પાઠવ્યો છે.

-----------------------------------